ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૩.૦૪.૨૦૧૯

**આજે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના સપૂત હોય ત્યારે ગુજરાત માટે તો બન્ને હાથમાં લાડુ અને પાંચેય આંગળી ઘીમાં છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**શું કોંગ્રેસના રાહુલ ગાંધીને મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહ્માની જરૂરીયાતો વિશે જાણકારી છે? - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**એક તરફ શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશમાંથી ભ્રષ્ટાચાર, બેકારી અને ગરીબી હટાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે, ત્યાં બીજી તરફ આઇ.ટી.ની રેડમાં કોંગ્રેસના મોટા માથાઓના અંગત વ્યક્તિઓની પાસેથી કરોડો રૂપિયાનું કાળું નાણું પકડાઇ રહ્યું છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**કોંગ્રેસને દેશના હિતમાં કોઈ જ રસ નથી ફક્ત અને ફક્ત એક પરિવારના હિતમાં જ રસ છે. - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**કોંગ્રેસ ફક્ત મત લેવા માટે સમુદાય વિશેષના તુષ્ટિકરણ માટે નિવેદનો આપી, તુષ્ટિકરણની રાજનીતિ કરી દેશના સમાજ-સમાજ, કોમ-કોમ વચ્ચે અસમાનતા-અરાજકતા ઊભી કરીને ભાગલા પાડીને રાજ કરવા માટે ટેવાયેલી છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**દેશના ગરીબ-વંચિત-શોષિત અને પીડિતને દેશની મુખ્યધારામાંથી બાકાત રાખવાનું કુકર્મ કોંગ્રેસે વર્ષો સુધી કર્યું છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**કોંગ્રેસે ભ્રષ્ટાચારમાં તરબોળ થઈને ભૂતકાળમાં સમગ્ર વિશ્વમાં ભારતનું નામ ડુબાળ્યું હતું. - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**ભૂતકાળની કોંગ્રેસની સરકારો વખતે કોંગ્રેસને ગુજરાત અને ગુજરાતીઓ આંખના કણાની જેમ ખૂંચતા હતા, ગુજરાત સાથે અનેક અન્યાય થતા હતા, ગુજરાતની પ્રગતિ પર બ્રેક વાગેલી હતી - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતે આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત આયોજિત જનસભાને સંબોધન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જે નેતાઓ ભૂતકાળમાં એકબીજાના મોઢા જોવા પણ તૈયાર ન હતા તેવા નેતાઓ મહાઠગબંધન બનાવીને પોતાના વ્યક્તિગત અસ્તિત્વને બચાવવા માટે સાથે આવ્યા છે. તે તમામ નેતાઓને લાગી રહ્યું છે કે, જો ફરી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર બનશે તો તેમને જેલના સળિયા પાછળ જવું પડે તેમ છે. છેલ્લા પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે મહાઠગબંધનના નેતાઓની ભ્રષ્ટાચારની દુકાનો બંધ કરી દીધી છે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસના કમલનાથ હજી હમણાં જ મુખ્યમંત્રી બન્યા છે અને બાળકોના મધ્યાહન ભોજન યોજનાથી માંડીને અનેક યોજનામાં ભ્રષ્ટાચાર થયો તેવી વાતો આવી રહી છે. આઇ.ટી.ની રેડમાં કમલનાથના અંગત વ્યક્તિઓની પાસેથી કરોડો રૂપિયાનું કાળું નાણું પકડવામાં આવ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશમાંથી ભ્રષ્ટાચાર, બેકારી અને ગરીબી હટાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે તો બીજી તરફ પોતાના અંગત સ્વાર્થ માટે મહાઠગી નેતાઓ "મોદી હટાવો.. મોદી હટાવો.." કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસને દેશના હિતમાં કોઈ જ રસ નથી ફક્ત અને ફક્ત એક પરિવારના હિતમાં જ રસ છે. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહે કહ્યું હતું કે દેશના સંસાધનો પર સૌથી પહેલો અધિકાર મુસ્લિમોનો છે. ભાજપા કહે છે કે દેશના સંસાધનો પર સૌથી પહેલો અધિકાર દેશના પીડિત-શોષિત અને ગરીબોનો છે, ચાહે તે કોઈ પણ જાતિ કે ધર્મના હોય. કોંગ્રેસ ફક્ત મત

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




લેવા માટે સમુદાય વિશેષના તુષ્ટિકરણ માટે નિવેદનો આપી, તુષ્ટિકરણની રાજનીતિ કરી દેશના સમાજ-સમાજ, કોમ-કોમ વચ્ચે અસમાનતા-અરાજકતા ઊભી કરીને ભાગલા પાડીને રાજ કરવા માટે ટેવાયેલી છે. ભાજપા તુષ્ટિકરણમાં નહીં પરંતુ સર્વધર્મસમભાવની ભાવના સાથે ૧૩૦ કરોડ ભારતીયોનું હિત કેવી રીતે જળવાય તે દિશામાં આગળ વધવાની વાત કરે છે.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, જો કાશ્મીરનો મુદ્દો ઉકેલવાનો અધિકાર જવાહરલાલ નહેરુના સ્થાને શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને આપવામાં આવ્યો હોત તો આજે કાશ્મીરનો મુદ્દો જ આપણી વચ્ચે ન હોત, કશ્મીરની સમસ્યાનું નિરાકરણ વર્ષો પહેલાં જ નીકળી ચૂક્યું હોત. કોંગ્રેસે હંમેશા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સાચા, સમર્થ અને મહાન નેતાઓને હાંસીયામાં ધકેલવાનું કાર્ય કર્યું છે અને જાણે એક જ પરિવાર મહાન છે તેમણે જ દેશ માટે બધું કર્યું છે એવું ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે.

દેશના ગરીબ-વંચિત-શોષિત અને પીડિતને દેશની મુખ્યધારામાંથી બાકાત રાખવાનું કુકર્મ કોંગ્રેસે વર્ષો સુધી કર્યું છે. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા સાડા ચાર વર્ષમાં મોટાભાગની યોજનાઓ દેશના પીડિત-શોષિત-આદિવાસી અને મધ્યમવર્ગના વિકાસ માટે કાર્યરત કરી છે. કોંગ્રેસે ભ્રષ્ટાચારમાં તરબોળ થઈને ભૂતકાળમાં સમગ્ર વિશ્વમાં ભારતનું નામ ડુબાળ્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૩ કરોડ મફત ગેસ કનેક્શન આપીને ગરીબના ઘરમાંથી ધુમાડો દૂર કર્યો છે, પાંચ લાખ સુધીની આવક ઈન્કમટેક્ષ ફ્રી કરીને મધ્યમવર્ગના ચહેરા ઉપર હાસ્ય લાવ્યા છે, નાના વેપારીઓને ચાલીસ લાખ સુધીના ટર્નઓવર પર જીએસટીમાંથી મુક્તિ આપીને રાહત આપી છે, ૨૦૨૨ સુધીમાં દેશનો કોઈપણ ગરીબ છત વગરનો ન રહે તે દિશામાં પીએમ કાર્યરત થયા છે, ઉજાલા યોજના હેઠળ સસ્તા ભાવે એલઈડી બલ્બનું વિતરણ કરીને ગરીબના પૈસા બચાવવાનું કાર્ય કર્યું છે, આયુષ્યમાન યોજનાથી દેશના ગરીબના આરોગ્યની ચિંતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે, ખેડૂતોને કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત સહાય આપીને ખેડૂતોની સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ન્યાય કર્યો છે.

ગુજરાતમાં પણ સવા લાખ આદિવાસીઓને જમીનના અધિકાર પત્રો આપી જમીન પર થતી વનઉપજના માલિકીના અધિકાર આપીને આદિવાસીઓને હક અપાવ્યો છે.

આજે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના સપૂત હોય ત્યારે ગુજરાત માટે તો બન્ને હાથમાં લાડુ અને પાંચેય આંગળી ઘીમાં છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિલ્હી હોવાને કારણે ગુજરાતના અનેક પડતર પ્રશ્નોનું નિરાકરણ આવ્યું છે, ગુજરાતની ઈચ્છાનુંસારની સહાય દિલ્હી તરફથી મળી રહી છે. ભૂતકાળની કોંગ્રેસની સરકારો વખતે ગુજરાત કોંગ્રેસને આંખના કણાની જેમ ખૂંચતું હતું, ગુજરાત સાથે અનેક અન્યાય થતા હતા, ગુજરાતની પ્રગતિ પર બ્રેક વાગેલી હતી. પ્રધાનમંત્રી તો આપણા પોતાના છે. મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહ્માને ખૂબ સારી રીતે ઓળખે છે. શું કોંગ્રેસના રાહુલ ગાંધીને મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહ્માની જરૂરીયાતો વિશે જાણકારી છે? મને તો લાગે છે કે તેઓ ખેડબ્રહ્મા શબ્દ પણ સાચી રીતે બોલી શકે તેમ નથી.

ભવિષ્યમાં આગામી પેઢીઓ ના ઉજ્જવળ ભવિષ્ય માટે, ભારત સામે કોઈ આંખ ઊંચી ન કરી શકે તે માટે, ૫૬ની છાતીવાળા શ્રી નરેન્દ્રભાઈ મોદીને આપણે ફરી એકવાર દેશના પ્રધાનમંત્રીપદ પર બેસાડવાના છે અને તે માટે આગામી ૨૩મી એપ્રિલે કમળનું બટન દબાવી ભાજપાના તમામ ઉમેદવારોને ભારે બહુમતીથી વિજય અપાવવા માટે શ્રી વિજયભાઈ રૂપાણીએ હાકલ કરી હતી.

આ જનસભામાં પ્રદેશ અગ્રણીશ્રીઓ, જિલ્લા અધ્યક્ષ/મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, નગરપાલિકાના પ્રમુખશ્રી તેમજ મોટી સંખ્યામાં ભાજપાના કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ મંત્રી શ્રી કનુસિંહ ઠાકોર અને તેમની ટીમ ભાજપમાં જોડાઈ હતી અને મુખ્યમંત્રીશ્રીએ તેમને ખેસ પહેરાવીને તેમને ભાજપામાં આવકાર્યા હતા.

**(પ્રશાંત વાળા)**

પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૩.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભા બેઠકના લોકલાડીલા ઉમેદવાર શ્રી અમિતભાઇ શાહ આવતીકાલે ગુજરાતના ટુંકા પ્રવાસે આવી રહ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**આવતીકાલે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો ગાંધીનગર લોકસભા ક્ષેત્રના કલોલ ખાતેથી સાંજે ૦૪.૦૦ કલાકે ભવ્ય રોડ-શો યોજાશે. - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**સમગ્ર દેશમાં લોકશાહીનું ચૂંટણી પર્વ જ્યારે નજીક આવી રહ્યું છે ત્યારે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં ભારતભરમાં પ્રવાસ કરી ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, સમગ્ર દેશમાં લોકશાહીનું ચૂંટણી પર્વ જ્યારે નજીક આવી રહ્યું છે ત્યારે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં ભારતભરમાં પ્રવાસ કરી ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર લોકસભા બેઠકના લોકલાડીલા ઉમેદવાર શ્રી અમિતભાઇ શાહ આવતીકાલે ગુજરાતના ટુંકા પ્રવાસે આવી રહ્યા છે.

આ પ્રવાસ દરમ્યાન શ્રી અમિતભાઇ શાહના ગાંધીનગર લોકસભા વિસ્તારમાં એક ભવ્ય લોકસંપર્ક રોડ-શોનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી અમિતભાઇ શાહ આવતીકાલે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર લોકસભા વિસ્તારના કલોલ ખાતે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને ફૂલહાર કરી આદરાંજલી અર્પણ કરી ભવ્ય રોડ-શોની શરૂઆત કરશે. જે રોડ-શો નીચે મુજબના રૂટ પ્રમાણે આગળ વધશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરીને રોડ-શોનું પ્રસ્થાન થશે, ત્યારબાદ ત્રણ આંગળી સર્કલ - ખુની બંગલા - રેલ્વે સ્ટેશન - ખમાર ભુવન - ટાવર ચોક - જ્યોતિશ્વર મહાદેવ - નગરપાલિકા જુના ફાયર સ્ટેશન ગેઇટ - નંદલાલ ચોક - વખારીયા ચાર રસ્તા - કોબ્રા સર્કલ - શારદા સર્કલ - બોરીસણા ગરનાળા - અંબિકાનગર - શ્રીજી પાર્લર - હનુમાનજી મંદિર પાસે લોકસંપર્ક યાત્રા (રોડ-શો)નું સમાપન થશે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૧૩.૦૪.૨૦૧૯

-----------

**કોંગ્રેસના શાસનમાં ભ્રષ્ટાચારે દેશને ભરડો લઈ લીધો હતો.**
**કોંગ્રેસના કરોડો, અબજોના કૌભાંડોને કારણે આપણો દેશ સમગ્ર વિશ્વમાં બદનામ થયો હતો**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની જનતાને વચન આપ્યું હતું કે, અમે સત્તામાં આવીશું તો ભ્રષ્ટાચાર રૂપી દાનવને દેશમાંથી ખતમ કરી દઈશું. - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા ચોકીદારની સાથે કરોડો દેશવાસીઓ "મૈં ભી ચોકીદાર" ના નારા સાથે અડીખમ ઊભા છે**
**- શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિલમાં દેશપ્રેમ અને રાષ્ટ્રહિત છે, જ્યારે રાહુલ ગાંધીના દિલમાં માત્ર સ્વહિત અને સત્તાલાલસા જ છે, દેશહિતની ક્યાંય વાત જ નથી - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વમાં ભારતને પુનઃ ગૌરવન્વિત કરવાનું કાર્ય કર્યું છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

આજરોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાબરકાંઠા મતવિસ્તારના વડાલી ખાતે એક જાહેરસભાને સંબોધન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ઘણા વર્ષ બાદ આ દેશે કરવટ બદલી છે. આ દેશને કોંગ્રેસે ૫૫-૫૫ વર્ષથી માત્ર અને માત્ર લૂંટ્યો છે. કોંગ્રેસ ભ્રષ્ટાચાર અને કૌભાંડોનો પર્યાય બની ગઈ હતી. કોંગ્રેસના શાસનમાં ભ્રષ્ટાચારે દેશને ભરડો લઈ લીધો હતો. કોંગ્રેસના કરોડો, અબજોના કૌભાંડોને કારણે આપણો દેશ સમગ્ર વિશ્વમાં બદનામ થયો હતો. દેશમાં અરાજકતા અને અનીતિ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. ૨૦૧૪ પછી શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા બાદ ભ્રષ્ટાચારની બદબૂ ફેલાવવાની બંધ થઈ ગઈ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની જનતાને વચન આપ્યું હતું કે, અમે સત્તામાં આવીશું તો ભ્રષ્ટાચાર રૂપી દાનવને દેશમાંથી ખતમ કરી દઈશું.

આ ચૂંટણી ચોકીદાર અને ચોરોની જમાત વચ્ચેની છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા ચોકીદારની સાથે કરોડો દેશવાસીઓ "મૈં ભી ચોકીદાર" ના નારા સાથે અડીખમ ઊભા છે. કોંગ્રેસે હાલમાં જ મધ્યપ્રદેશમાં સત્તા મેળવી છે. ત્યાં સત્તામાં આવતાની સાથે જ કોંગ્રેસે તેનો અસલી રંગ બતાવવાનો શરૂ કરી દીધો છે. કરોડો રૂપિયાનું કાળું નાણું મધ્યપ્રદેશમાંથી પકડાયું છે. તેથી વિપક્ષો "મોદી હટાવો.. મોદી હટાવો"ની બુમો પાડી રહ્યા છે. તેમને ખબર છે કે જો મોદી ફરીથી સત્તામાં આવશે તો આપણે બધાએ જેલમાં જવાનો વારો આવશે. હાલમાં આમાંથી એક ડઝન જેટલા વિરોધ પક્ષના નેતાઓ જામીન પર છે. તેથી તો શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમને આંખના કણાની જેમ ખૂંચે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિલમાં જે દેશપ્રેમ અને રાષ્ટ્રહિત જોવા મળે છે તે દેશપ્રેમ અને રાષ્ટ્રહિત રાહુલ ગાંધીમાં જોવા મળતો નથી. રાહુલ ગાંધી ઘણી વખત વિદેશમાં જઈને ભારત દેશની ટીકા કરતા હોય છે. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વમાં ભારતને એક અનોખી ઊંચાઈ પર લઈ ગયા છે. સત્તા મેળવવા માટે તરફડિયાં મારતી કોંગ્રેસ તુષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે. કોંગ્રેસ પોતાના ચૂંટણી ઢંઢેરામાં ત્રાસવાદીઓને છાવરવાની વાતો કરી રહી છે. રાષ્ટ્રદ્રોહની કલમને દુર કરવાની વાત કરે છે. સેનાનું મનોબળ તોડવા માટે સેનાના અધિકારી ઉપર કાનૂની કાર્યવાહી કરવાની વાત કરી રહી છે. કોંગ્રેસ આ બધું કરીને શું બતાવવા માંગે છે ! કોંગ્રેસ દેશને તોડવાની વાત કરી રહી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ વર્ષ સુધી દેશને સ્થિર અને મજબૂત સરકાર આપી છે. દેશ અને સમાજના સર્વાંગી વિકાસ માટે સ્થિર, પ્રમાણિક, મજબૂત અને સક્ષમ નેતૃત્વવાળી સરકાર જરૂરી છે. કોંગ્રેસ કે ઠગબંધનના નેતાઓમાં આમાંનો એક પણ ગુણ જોવા મળતો નથી.

શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સાડા છ કરોડ ગુજરાતીઓની વાત કરતા હતા. કેન્દ્રમાં વડાપ્રધાન બન્યા પછી ૧૩૦ કરોડ દેશવાસીઓના હિતની વાત કરે છે. ધર્મ, જ્ઞાતિ, જાતિથી આગળ વધીને ‘‘સૌનો સાથ સૌનો વિકાસ’’ના મંત્રને લઈને તેઓ આગળ વધી રહ્યા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના સપૂત છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં વર્ષો સુધી કોંગ્રેસની સરકાર રોડા નાખતી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બન્યા બાદ ખૂબ જ ઝડપથી કામગીરી પૂર્ણ કરી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતને ‘‘એઈમ્સ અને પહેલી બુલેટ ટ્રેન’’ આપી. જો હજી બીજા પાંચ વર્ષ તેઓ કેન્દ્રમાં આવશે એટલે ગુજરાતને ઘણું બધું મળવાનું છે. તેથી **મોસાળમાં જમણ અને માં પીરસનાર** જેવી આદર્શ સ્થિતિનું નિર્માણ થશે.

સાબરકાંઠાના ભાઈઓ-બહેનો ૨૩મી તારીખે શ્રી નરેન્દ્રભાઇ મોદીને પુનઃ વડાપ્રધાન બનાવવા માટે કમળના નિશાનવાળા બટનને કચકચાવીને દબાવજો અને આપણા શ્રી દિપસિંહભાઈને શ્રી નરેન્દ્રભાઈના હાથ મજબૂત કરવા માટે સૌ પ્રજાજનોને અંતમાં શ્રી રૂપાણીએ અપીલ કરી હતી.

આ જનસભામાં સાબરકાંઠા લોકસભા બેઠકના ભાજપા ઉમેદવાર શ્રી દિપસિંહ રાઠોડ, પ્રદેશ અગ્રણીઓ, જિલ્લા ભાજપા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, નગરપાલિકાના પ્રમુખશ્રી, વિવિધ સમાજના આગેવાનો, સ્થાનિક આગેવાનો, ભાજપાના કાર્યકર્તાઓ સાથે મોટી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૧૩.૦૪.૨૦૧૯

-----------

## ગુજરાતવાસીઓને રામનવમીની શુભેચ્છા પાઠવતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રનો જન્મ ચૈત્ર સુદ નવમીના રોજ થયો હતો. શુરવીર, જીતેન્દ્રીય, મર્યાદા પુરુષોત્તમ અને બીજાની પીડાને સુપેરે સમજનાર ભગવાન શ્રી રામનું જીવન પ્રત્યેક મનુષ્યને જીવવાની સાચી શૈલીનો સાક્ષાત્કાર કરાવે છે. ચૈત્ર સુદ નવમીના આ દિવસને આપણે સૌ ''રામનવમી'' તરીકે ધામધુમથી ઉજવીએ છીએ.

અસત્ય પર સત્ય, દુરાચાર પર સદાચાર અને દૈત્ય સંસ્કૃતિ પર ઋષિ સંસ્કૃતિના વિજય રૂપી રામનવમીના આ પાવન પર્વે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સૌ પ્રજાજનોને શુભેચ્છા પાઠવી હતી.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

---

પ્રેસનોટ-૦૫ તા. ૧૩.૦૪.૨૦૧૯

-----------

## ગુજરાતવાસીઓને રામનવમીની શુભેચ્છા પાઠવતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, સમગ્ર દેશમાં ભગવાન શ્રી રામના પાવન પ્રાગટ્યદિનને ''રામનવમી'' તરીકે ધામધુમથી ઉજવવામાં આવે છે.

ભગવાન શ્રી રામના જીવનકવન પરથી પરિવાર પ્રત્યેની ફરજો ઉપરાંત સમાજ પ્રત્યેની ભૂમિકા નિષ્ઠાપૂર્વક બજાવવા સાથે એક મર્યાદા પુરુષોત્તમ તરીકે, એક પૂર્ણ પુરુષનું, જીવન વ્યતિત કરવાની આપણને પ્રેરણા મળે છે.

રામનવમીના આ પાવન દિને ભગવાન શ્રી રામ સૌનું જીવન સુખમય બનાવે, અજ્ઞાનરૂપી અંધકારને દુર કરી જીવનમાં પ્રકાશ રેલાવે તેવી સૌ પ્રજાજનોને શ્રી વાઘાણીએ શુભેચ્છા પાઠવી હતી.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ